# રાજ્ય સરકાર ખેડૂતોની સાથે છે : રૂપાણી

**૨૨-૨૨ વર્ષોથી ભાજપે પ્રજાનો વિશ્વાસ જાળવ્યો : મતની ટકાવારી વધી : નપા અને જિલ્લા પંચાયતમાં જીત નક્કી**

ગાંધીનગર,તા.૧૪

ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે સરપંચ અભિવાદન સમારોહ યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બંનેએ પોતાનું સંબોધન પણ કર્યુ હતું. સરકાર ખેડૂતોની સાથે છે. ભાજપની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનું લક્ષ્ય ગામડુ છે. ગામડુ સુખી, ખેડુત સુખી તો દેશ સુખી. તે વિચારને લઈને સરકાર કાર્યરત છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તમામ નવા ચૂંટાયેલા સરપંચો અને સભ્યોને તેઓ શુભેચ્છા પાઠવે છે. તેમણે જણાવ્યું હતું કે, સરપંચની ચૂંટણી જીતવી અઘરી છે કેમ કે, નાનું ગામ હોય, ઓછા મતદાર હોય, આવી સ્થિતિમાં જે વ્યક્તિ રાત-દિવસ પ્રજા વચ્ચે રહી સેવાકાર્ય કરતો હોય તેવા વ્યક્તિ જ ચૂંટાતા હોય છે. આવી અઘરી કસોટીમાંથી પાર પાડીને તમે ચૂંટાયા છો તેથી સૌને લાખ-લાખ અભિનંદન. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, જૂઠાણાઓ ફેલાવી ગ્રામ્ય પ્રજાને ગેરમાર્ગે દોરવાના કોંગ્રેસના પ્રયત્નો સફળ થયા નથી. ગામડાઓમાં ૭૫ ટકા જેટલા ભાજપ સમર્થિત સરપંચો ચૂંટાયા છે. ગુજરાતમાં સતત છઠ્ઠી વખત ભાજપની સરકાર બની છે. ૨૨-૨૨ વર્ષોથી ભાજપે પ્રજાનો વિશ્વાસ જાળવ્યો છે. ભાજપની મતની ટકાવારી પણ વધી છે ત્યારે આગામી નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં પણ ભાજપનો ભવ્ય વિજય નિશ્ચિત છે. દેશમાં વર્ષોથી કોંગ્રેસની સરકારો હતી ત્યારે ભ્રષ્ટાચારમાં ડુબેલી કોંગ્રેસે ગામડાઓ અને ખેડૂતો માટે કશું નક્કર આયોજન કર્યું નહીં. આજે કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકાર ગામડાઓ અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટેની નીતિઓ બનાવે છે. આ વખતના કેન્દ્રીય બજેટમાં પણ ગ્રામીણ વિકાસ અને ખેડૂતોની સમૃદ્ધિ માટેની ખુબ મહત્વની યોજનાઓ જાહેર કરી છે. ખેડૂતોને કૃષિ પેદાશોના ટેકાના ભાવોમાં પડતર કિંમત કરતા દોઢ ગણું સમર્થન મૂલ્ય નક્કી કરવાનો ઐતિહાસિક નિર્ણય મોદી સરકારે લીધો છે. રાજ્યની ગ્રામ પંચાયતોની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીઓના પરિણામો જાહેર થઈ ગયા બાદ ભાજપ દ્વારા આજે ફરી એકવાર ગાંધીનગર ખાતેના ભાજપ કાર્યાલય કમલમ ખાતે સરપંચોના અભિવાદન સમારોહ રાખવામાં આવ્યો હતો. અગાઉ પરિણામોના દિવસે જ ભાજપે ઉતાવળે યોજેલા સરપંચોના અભિવાદન સમારોહનો જોરદાર ફિયાસ્કો થયો હતો અને તેની ભારે ટીકા પણ થઈ હતી. જેથી ભાજપે આજે બીજીવાર આયોજનપૂર્વક સરપંચો હાજર રહે તેનું ધ્યાન રાખવા સાથે સરપંચોનો અભિવાદન સમારોહ યોજ્યો હતો. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સહિતના મહાનુભાવો આ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સરપંચોની જીતને બિરદાવી હતી અને તેઓને અભિનંદન આપ્યા હતા પરંતુ પ્રદેશ ભાજપના પ્રમુખ જીતુભાઈ વાઘાણી તેમનું ઉદ્બોધન કરવાની શરૂઆત કરવા ગયા કે બરોબર એ જ વખતે શમિયાણાંમાં ઉપરનું સફેદ કપડુ ફાટી ગયુ હતું, જેથી ભાજપના સરપંચ અભિવાદન સમારોહમાં એક પછી એક વિઘ્નો તો આવ્યા જ હતા, જેને લઈ ભાજપને ગમતુ નહી હોવાછતાં સમારોહને લઈ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા ચાલી હતી.



## પદ્મશ્રી મનોજ જોષી માદરે વતનની મુલાકાતે

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના અડપોદરા ગામના મૂળ વતની અને શ્રેષ્ઠ નાટ્યકાર અને હિન્દી-મરાઠી ફિલ્મોના પ્રસિદ્ધ કલાકાર મનોજ જોષીને ૨૬ જાન્યુઆરીએ ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરતા અડપોદરા સહીત સમગ્ર સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં તેમજ બ્રાહ્મણ સમાજમાં આનંદ છવાયો હતો. પદ્મશ્રી એવોર્ડ પ્રાપ્ત થયા બાદ અડપોદરા ગામે મહાશિવરાત્રી પર્વ નિમેત્તે શ્રી અડપોદરા ઔદિચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ સમાજ આયોજિત શ્રી હરિહર મહાદેવ મંદિર ખાતે યોજાયેલ ઉજવણીમાં ભાગ લીધો હતો. પદ્મશ્રી મનોજ જોષી અડપોદરાની મુલાકાત લેતા ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને લોકોએ સેલ્ફી લેવા ભારે પડાપડી કરી હતી.

# પ્રાંતિજ નગરપાલિકાના ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર જોરશોરમાં

**આ વખતે ભાજપ- કોંગ્રેસ - અપક્ષો વચ્ચે સીધો જંગ ખેલાશે : ભાજપમાં રહેલ અસંતોષ તથા અસંતોષ ઉમેદવારો ભાજપને ભારે પડશે : ભાજપ- કોંગ્રેસ - અપક્ષો સહિત ૭૧ ઉમેદવારો મેદાનમાં**

પ્રાંતિજ, તા.૧૪

ગુજરાતમાં ૭૫ જેટલી જગ્યાઓએ નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ નગરપાલિકાની ચૂંટણીને લઈને ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર તેજ થયો છે અને પોતાના વોડના મતદારોને રીઝવવા ભાજપ - કોંગ્રેસ - અપક્ષો હાલ નવા નવા નુસખા સાથે એડી ચોંટીનું જોર લગાવી રહ્યાં છે.

નગરપાલિકાની ચૂંટણીને લઈને પ્રાંતિજ ખાતે ચૂંટણીનો ગરમાવો તેજ થયો છે. તો ભાજપ-કોંગ્રેસ-અપક્ષ ઉમેદવારો મતદારો પાસે મતની માંગણી કરી રહ્યાં છે. તો આ વખતે ભાજપ - કોંગ્રેસ - અપક્ષ ઉમેદવારો વચ્ચે ત્રિકોણીયો જંગ ખેલાશે અને તો બીજીબાજુ ભાજપમાં રહેલ અસંતોષ તથા ભાજપના જ અસંતોષ ઉમેદવારો આ વખતે ભાજપ માટે ભારે પડે તો નવાઈ નહીં તો બીજીબાજુ આ વખતે ભાજપ - કોંગ્રેસ પક્ષ કરતા વ્યક્તિ ગત ઉમેદવારો ચાલે તો નવાઈ નહી અને નાતીવાદ, જુથવાદ સહિતના પાસાઓ આ વખતની ચૂંટણીમાં અગ્રેસર રહેશે. આ વખતે કોંગ્રેસ પોતાના મેન્ડેટ ઉપર ખાતું ખોલશે તો બીજીબાજુ ભાજપ ઉમેદવારો વિકાસના કામોને લઈને મતદારો પાસે વોટની માંગણી કરી રહ્યાં છે. કોંગ્રેસ તથા અપક્ષ ઉમેદવારો કામ નહી થયાં હોવાની સાથે સફાઈ, ગટર સફાઈ, સ્ટ્રીટ લાઈટ તથા પાણીની સુવિધા, ટ્રાફિકની સમસ્યા તથા પ્રાથમિક સુવિધાઓને લઈને મતદારો પાસે મતની માંગણી કરી રહ્યાં છે. આ વખતે ભાજપ - કોંગ્રેસ બન્ને પક્ષોએ અપક્ષોનો ટેકો લઈને પાલિકા ઉપર સત્તા હાંસલ કરવી પડે તો પણ નવાઈ નહી. આ વખતે ભાજપ-કોંગ્રેસ અપક્ષ ઉમેવારો સહિત કુલ-૭૧ ઉમેદવારો મેદાનમાં છે અને ભાજપ-કોંગ્રેસ અપક્ષો પણ એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. ત્યારે પ્રાંતિજ નગરપાલિકાની સત્તા કોના કોના હાથમાં જશે જ્યારે ૧૬મીને પાંચ વાગ્યાંથી ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થશે અને ૧૭મી ફેબ્રુઆરીના રોજ પ્રાંતિજ ખાતે મતદાન યોજાશે અને મતગણતરી ૧૯-૨-૨૦૧૮ને સોમવારના રોજ હાથ ધરવામાં આવશે. ત્યારે જ ખબર પડશે કે કિસમે કિતના હે દમ.



ધાનેરા નગરપાલિકા ચૂંટણી નો રંગ જામ્યો છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી રહી છે તો ક્યાંક ને ક્યાંક અપક્ષ ઉમેદવાર નું પણ પલ્લું ભારે જોવા મળી રહ્યું છે. વોર્ડ નંબર ચાર માં કરશનભાઈ છગનભાઈ રંગી ધ્વરા લોકો ના સહયોગ થી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે અને લોકો પણ આ ઉમેદવાર ને જીતાડવા માટે કમર કસી છે ત્યારે આજે આ અપક્ષ ઉમેદવાર ધ્વરા વોર્ડ નંબર ચાર માં કાર્યાલય નું ઉદ્ઘઘાટન કર્યું હતું આ ઉદ્ઘઘાટન માં આગેવાનો સહીત મોટી સંખ્યા માં લોકો હાજર રહ્યા હતા અને અપક્ષ ઉમેદવાર ને જીતાડવા માટે હાકલ કરી હતી તો બીજી તરફ અપક્ષ ઉમેદવાર કર્ષણ રંગીએ જણાવ્યું હતું ભાજપ અને કોંગ્રેસ ના ઉમેદવારો જીત્યા પછી ક્યારે આવતા નથી અને જો હું વિજેતા બનીશ તો હંમેશા માટે લોકોની વચ્ચે રહીશ અને લોકોના કામ કરીશ.

# શિક્ષણ ક્ષેત્રમાં પારદર્શન શિક્ષણ મળે તે માટે ફિંગર પ્રિન્ટ પદ્ધતિનો પ્રારંભ

**ગુલ્લીબાજ શિક્ષકો ગુલ્લી નહી મારી શકે : શાળાની તમામ વિગતો ઓનલાઈન થશે : બાળકોની હાજરી તથા શિક્ષકોની હાજરી નોંધાશે**

પ્રાંતિજ, તા.૧૪

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રમા પારદર્શન શિક્ષણ મળી મળે તે હેતુથી અને શિક્ષકો ગુલ્લીબાજ શિક્ષકો શાળા સમય દરમિયાન પોતાના અંગત કામ કે સાઈડમાં કરતા ધંધા રોજગાર અર્થે શાળામાં આવતા ન હતા છતાં



નિયમિત શાળાએ હાજર રહે તે હેતુથી ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી દ્વારા શાળાઓએ ફરજીયાત શિક્ષકોની હાજરીને લઈને થંભની પધ્ધતિ અપનાવવામાં આવી છે. જેમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકાઓમાં થંભ પધ્ધતીના શ્રી ગણેશ થઈ ચુક્યા છે.

સરકારી શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો દ્વારા શાળાએ અનિયમિત તથા કેટલાક શાળામાં હાજરી ભરાઈ જતી હતી અને આને લઈને શાળાએ આવતા બાળકોના અભ્યાસમાં માઠી અસર જોવા મળતી હતી. સરકારના શિક્ષણ વિભાગના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા આવા ગુલ્લીબાજ શિક્ષકો ઉપર નજર રાખવા હવે યંત્ર પધ્ધતિ મારફતે નજર રાખી શાળાની તમામ વિગતો ઓનલાઈન થશે તથા બાળકોની હાજરી તથા શિક્ષકોની પણ હાજરી નોંધાશે અને શાળાની તમામ માહિતી રોજેરોજ ઓનલાઈન થશે. સુપરવિઝન પણ પારદર્શક રહેશે તો સરકાર અને શિક્ષણ વિભાગના આ થંભ પધ્ધતિને શિક્ષણ કર્મચારીઓએ આવકાર્યું છે. ત્યારે હાલ તો કેટલાંક ગુલ્લીબાજ શિક્ષકોને આ પધ્ધતિ ખુચશે તો નવાઈ નહી. શાળાએ આવતા વિદ્યાર્થીઓના ભાવીની ચિંતા કરી હાલ તો થંભ પધ્ધતિ અપનાવવામાં આવી છે અને સાબરકાંઠા- અરવલ્લી જિલ્લા સહિત ગુજરાતની દરેક સરકારી પ્રાથમિક શાળાઓ સહિતની શાળાઓમાં થંભ પધ્ધતી અમલમાં આવતાં દરેક શિક્ષકોની ફરજીયાત હાજરી શાળાએ આવતા અને શાળા છુટયા બાદ રહશે. જેથી શિક્ષણમાં પણ સુધારો આવે તો નવાઈ નહીં તો થંભ પધ્ધતિને શિક્ષકોએ પણ આવકારી છે.

## અખિલ ગુજરાત રાજપુત યુવા સંઘ દ્વારા ત્રીજા બીઝનેશ એક્સ્પો-૧૮નું આયોજન



વિશ્વની સૌથી મોટી, પ્રતિષ્ઠિત સંસ્થા અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા આયોજીત ત્રીજો રાજપુત બીઝનેશ એક્સ્પો ૨૦૧૮ નું આયોજન તા.૧૬ થી ૧૮ ફેબ્રુઆરી સુધી કર્ણાવતીનગર, રીવરફ્રન્ટ, એન.આઈ.ડી પાછળ, પાલડી-અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે. જેમાં ૨૦૦ થી વધુ સ્ટોલમાં રાજપુત સમાજના યુવક-યુવતિઓ દ્વારા તૈયારી કરાયેલી વસ્તુઓનું પ્રદર્શન અને નિર્દેશન રાખવામાં આવેલું છે. આ ઉપરાંત આ એક્સ્પો દરમિયાન બી ટુ બી મીટિંગ, જોબફેર, શૈક્ષણિક સેમિનાર, રાજપુત સમાજનો ઈતિહાસ દર્શાવાની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલું છે. આ કાર્યક્રમમાં ભારત ઉપરાંત વિશ્વના અનેક દેશોમાંથી મોટી સંખ્યામાં રાજપુતો ભાગ લેશે. તેમ અખિલ ગુજરાત યુવા સંઘના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. જયેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવેલ છે કે આ એક્સ્પોનું મુખ્ય આકર્ષણ રાજપુતાણી પેવેલીયન છે. જેમાં ૬૦ થી વધુ રાજપુતાણીઓ દ્વારા સ્ટોલ લગાવવામાં આવેલા છે. આ ઉપરાંત ૧૦ જેટલા સ્ટોલમાં રાજપુત સમાજના ઈતિહાસની ઝાંખી રજુ કરવામાં આવશે એજ રીતે બે સ્ટોલમાં રાજપુત મેટ્રીમોનીયલ સર્વીસ જેમાં રાજપુત પરિવારમાં દિકરા-દિકરીનાં વેવીશાળ માટે પરિચય કરવામાં આવશે.

### ફ્રોડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કે તે પીએનબીની ફરિયાદના આધાર પર અબજોપતિ જ્વેલર નિરવ મોદીની સામે તપાસ હાથ ધરી છે. હકીકતમાં પીએનબી દ્વારા જ્વેલર અને અન્ય કેટલાક પર ૪.૪ કરોડ ડોલરની ફોર્જરી માટે ફરિયાદ દાખલ કરી હતી. બેંક સાથે ૨૮૦ કરોડની છેતરપિંડીનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ડિપાર્ટમેન્ટ ઓફ ફાયનાન્સિયલ સર્વિસના સેક્રેટરી રાજીવ કુમારે કહ્યુ છે કે કેસમાં તમામ જરૂરી પગલા લેવામાં આવનાર છે. પંજાબ નેશનલ બેંક દેશની બીજી સૌથી મોટી સરકારી બેંક છે. અન્ય ધિરાણદારોને લોન આપનાર બેંકો ઉપર પણ તેની અસર થઈ શકે છે. સ્ટોક એક્સચેંજ સમક્ષ ફ્રોડ અંગેની માહિતી આપવામાં આવ્યા બાદ બેંકિંગ ક્ષેત્રમાં ખળભળાટ મચી ગયો છે. આ કેસના કારણે ભારતીય બેંકોની સ્થિતિના સંદર્ભમાં વધુ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. મોટા અર્થતંત્રની અંદર બેડલોનના રેશિયો પૈકીના એક તરીકે ભારતીય બેંકો ફસાયેલી છે. પીએનબી અને ૧૨ બેંકો ઉપર નિયમોના ભંગ બદલ કેસ દાખલ કરવામાં આવ્યા બાદ અને બંધ કરવામાં આવ્યા પછી ગયા વર્ષે મે મહિનામાં જવાબદારી સંભાળી લેનાર ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર સુનિલ મહેતા માટે પણ પડકારરુપ સ્થિતિ સર્જાઈ ગઈ છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. તપાસ સંસ્થાઓને નવેસરની છેતરપિંડીના સંદર્ભમાં માહિતી આપી દેવામાં આવી છે. તેના ફાયનાન્સ ઉપર આ ફ્રોડની અસર કેટલી થશે તે સંદર્ભમાં હજુ સુધી પીએનબી દ્વારા પણ કોઈ માહિતી આપવામાં આવી નથી. હજુ સુધી ધિરાણદારો પર અસરને લઈને પણ કોઈ વાત કરવામાં આવી નથી. આ છેતરપિંડીને ફ્રોડ લેવડદેવડ ૧૩૨૦ કરોડ રૂપિયાની પંજાબ નેશનલ બેંકની ૨૦૧૭ની નેટ આવક કરતા આઠ ગણીની બરોબર હોવાનું જાણવા મળી રહ્યું છે. હજુ સુધી આ મહિનાની શરૂઆતમાં પીએનબી સાથે જોડાયેલા અન્ય કેસ સાથે આના કોઈ કનેક્શન છે કે કેમ તેમાં પણ તપાસ ચાલી રહી છે.

### શહાદતને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જનરલ દેવરાજે કહ્યું કે દુશ્મન હતોત્સાહિત છે. જ્યારે તે સરહદ પર નિષ્ફળ થાય છે ત્યારે કેમ્પર પર હુમલા કરે છે. આ દરમ્યાન દેવરાજે કહ્યું કે જે પણ દેશની વિરૂદ્ધ ઉભું થશે, તે આતંકવાદી છે અને અમે તેને બરાબર પાઠ ભણાવીશું.

દેવરાજે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં બાદામી બાગ કેન્ટની સાથે ઉધમપુરમાં પણ ધર્મ સ્થળ છે. મારા ઘરે પણ એક ધર્મ સ્થળ છે, તેમાં તમામ પંથના પ્રતિક છે. જે લોકો સેનાની કાર્યશૈલીને જાણતા નથી તે લોકો જ આ પ્રકારના નિવેદનો આપી રહ્યાં છે. લેફ્ટિનેંટ જનરલ દેવરાજે શોપિયાં ફાયરિંગ કેસ પર કહ્યું કે તેઓ નોર્ધન કમાન્ડને હેડ કરી રહ્યાં છે. આ દરમ્યાન તેમણે મેજર આદિત્ય કેસ પર કહ્યું કે આનાથી જવાનોનું મનોબળ તૂટવાનું નથી.

આતંકમાં સામેલ થઈ રહેલા યુવાનો પર ચિંતા વ્યક્ત કરતાં લેફ્ટિનેંટ જનરલ દેવરાજે કહ્યું કે ચોક્કસ આ એક ચિંતાનો વિષય છે. આપણે તેના પર ધ્યાન આપવાની જરૂર છે. દેવરાજે આતંકી ઘટનાઓ અને આતંક સાથે જોડાયેલ યુવાનો માટે સોશ્યલ મીડિયાને પણ જવાબદાર ગણાવ્યું. તેમણે કહ્યું કે વધતી આતંકી ઘટનાઓ માટે સોશ્યલ મીડિયા પણ જવાબદાર છે. અહીં મોટાપાયા પર યુવાનોને આકર્ષિત કરાઈ રહ્યાં છે. મને લાગે છે કે આપણે આ મુદ્દા પર પણ હવે ધ્યાન આપવાની જરૂર છે.

લેફ્ટિનેંટ જનરલે કહ્યું કે આતંકી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીન, લશ્કર-એ-તૈયબા, અને જૈશ-એ-મોહમ્મદમાં કોઈ ફરક નથી. તેઓ એકબીજાના સંગઠનમાં આવતા-જતા રહે છે. દેવરાજે કહ્યું કે કોઈપણ જે દેશની વિરૂદ્ધ હથિયાર ઉઠાવશે, તે આતંકી છે અને સેના તેને બરાબર ઝપટમાં લેશે.

### હુમલા જારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નેતાઓને ગેરમાર્ગે દોરવાનું કામ પાકિસ્તાન કરી રહ્યું છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં અમેરિકાની નવી દક્ષિણ એશિયા નીતિની જાહેરાત કરતી વેળા ટ્રમ્પે પાકિસ્તાનની વ્યાપક ટિકા કરી હતી અને કહ્યું હતું કે, જો તે ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરશે નહીં તો અમેરિકા પોતે કાર્યવાહી કરશે. અમેરિકા અને તેના યુરોપિયન દેશોએ ટેરર ફંડિંગ ઉપર બ્રેક મુકવામાં અંકુશ મુકવાના લીધે પાકિસ્તાનને ગ્લોબલ વોચલિસ્ટમાં સામેલ કરવા ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સની વાત કરી હતી. મની લોન્ડરિંગ અને ટેરર ફંડિંગમાં શંકાવાળા દેશોમાં પાકિસ્તાનનું નામ પહેલાથી જ સામેલ કરવામાં આવી ચુક્યું છે. ફ્રાંસ અને જર્મની જેવા દેશો પણ ભારતની સાથે મજબૂતી સાથે ઉભા છે. નોંધનીય છે કે ગયા શનિવારે જમ્મુ-પઠાણકોટ માર્ગ પર આર્મી કેમ્પમાં સવારે ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. આ હુમલામાં છ જવાનો શહીદ તઈ ગયા હતા અને એક નાગરિકનુ મોત થયુ હતુ. હુમલાને અંજામ આપનાર ચારેય ત્રાસવાદીઓનો ખાતમો કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાના જવાનોએ વધુ નુકસાન ન થાય તે હેતુસર આ ઓપરેશન ચલાવ્યુ હતુ. જેથી વધારે નુકસાન થયુ હતુ. ઠાર મરાયેલા ત્રાસવાદીઓની પાસેથી એકે ૪૭ અને અન્ય ઘાતક હથિયારોનો જથ્થો મળી આવ્યા હતા. જે પણ કેટલાક પ્રશ્નો ઉભા કરે છે. આર્મી કેમ્પ પર શનિવારે ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો. ઓપરેશન ઓલઆઉટ સેનાએ હાથ ધરીને ૨૦૦થી વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે. જેથી ત્રાસવાદીઓ સેનાના જવાનો અને તેમના પરિવારના સભ્યો પર હુમલા કરી રહ્યા છે.

# મોડાસા શહેરમાં નગરપાલિકાની ઘોર બેદરકારીના પગલે પાણીની તંગી વર્તાવાના એંધાણ

**મોડાસાના માલપુર રોડ પર અમુલ એપાર્ટમેન્ટ નજીક પાણીની લાઈનમાં ભંગાણથી હજ્જારો લીટર પાણીનો વેડફાટ**

મોડાસા, તા. ૧૨

રાજ્યના અનેક વિસ્તારોમાં પાણીના તળ નીચે જતા શિયાળામાં પણ ટેન્કરોથી પાણી પૂરું પાડવાની નોબત સાથે ઉનાળામાં જળ સંકટના ભણકારા વાગી રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક આંતરા દિવસે પાણી આપવામાં આવતું હોવાની વચ્ચે નગરપાલિકાતંત્રનો અણધડ વહીવટનો નમૂનો બહાર આવતા અને એક સપ્તાહથી વધુના સમયથી અમુલ એપાર્ટમેન્ટ નજીક આવેલા કોમ્પ્લેક્ષ પાસેથી પસાર થતી પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા



મોડાસા શહેરમાં પાણીનો જથ્થો પૂરો પાડતા માઝુમ ડેમમાં પીવાના પાણીનો પૂરતો જથ્થો હોવાનો દાવો જવાબદાર તંત્ર દ્વારા કરતા નગરજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. પરંતુ નગરપાલિકા તંત્રની ઘોર બેદરકારીના પગલે ઉનાળામાં પીવાના અને વપરાશના પાણી માટે તંગી સર્જાવાની નોબત આવે તો નવાઈ નહિ ?

મોડાસા શહેરમાં પીવાના પાણીની ખેંચ ઉનાળા અને ચોમાસા ખેંચાય તો પણ પાણીની તંગી નહિ સર્જાય પરંતુ પ્રજાએ પણ પોતાની જવાબદારી સમજી ખપ પૂરતો પાણીનો ઉપયોગ કરવાની અને પાણીનો બગાડ અટકાવવાની સુફિયાણી સલાહ અને પાણીનો બચાવ અને વેડફાટ ના થાય તે માટે નગરજનોની પાણીની માંગને પહોંચી વળવા હજ્જારો લીટર પાણીનો વેડફાટ થતા નગરજનોમાં નગરપાલિકાના વહીવટ સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. માલપુર રોડ પર પાઈપલાઈનમાંથી લીકેજ થતું પાણી રોકડીયા હનુમાન મંદિર સુધી વહેતા અને રોડ તળાવમાં ફેરવતો હોય તેવો રાત્રીના સમયે ઘાટ સર્જાતા નગરજનો દ્વારા નાગરપાલિકતંત્ર દ્વારા તાત્કાલિક પાણીની પાઈપલાઈનનું સમારકામ હાથ ધરવામાં આવેની ઉગ્ર માંગ ઉઠી છે.

એક તરફ રાજ્ય સરકાર રાજ્યમાં ઉનાળામાં પાણીની તંગી અને પેદા થનાર જળ સંકટ માટે સતત ચિંતિત બની છે ત્યારે બીજી બાજુ મોડાસા નગરપાલિકાતંત્ર પાણીની કોઈ કિંમત જ સમજાતી ના હોય તેમ વેડફાટ કરતા પાણી ફોગટમાં વહી જતા લાપરવાહી દાખવી રહી તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું.

# રોહિત સમાજ વિકાસ મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળનો વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ ગાંધીનગરના સેક્ટર-૧૨માં આવેલા આંબેડકર હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. સ્નેહમિલન કાર્યક્રમમાં સમાજની યુવા પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવી હતી. આ ઉપરાંત, શૈક્ષણિક તથા રમતગમત ક્ષેત્રે પ્રસિદ્ધિ મેળવેલ બાળકો તેમજ નવનિયુક્ત અને બઢતી પામેલ, નિવૃત્ત થયેલ કર્મચારીઓ અને સમાજના તેજસ્વી તારલાઓનું પણ આ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું.

ઈડરની નાગરિક સહકારી બેંકના ડિરેક્ટર મુકેશ સોલંકીની અધ્યક્ષતામાં યોજાયેલા વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમમાં જુનિયર કે.જી.થી કોલેજ કક્ષાના તેમજ વિવિધ ક્ષેત્રે પદવી પ્રાપ્ત કરેલ તમામ યુવાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સ્નેહમિલન કાર્યક્રમમાં મંડળના પ્રમુખ દિનેશ રાઠોડ, ઉપપ્રમુખ પરેશ પરમાર, વિષ્ણુ રાઠોડ, મંત્રી વસંત પરમાર, મંડળના તમામ સભ્યો તેમજ સામાજિક અને રાજકીય અગ્રણીઓ તથા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના રોહિત સમાજના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વજેપુરની સીમમાં બાઈક પરથી પડી જતા એકનુ મોત

હિંમતનગર, તા. ૧૪

વિજયનગર તાલુકાના વજેપુર ગામની સીમમાંથી અઠવાડીયા અગાઉ બાઈક પર જઈ રહેલા બે શખ્સો પૈકી બાઈક પાછળ બેઠેલ શખ્સ અચાનક બાઈક પરથી પડી જતા ગંભીર ઈજાને કારણે તેનું સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ મંગળવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે કાવાજી વાઘાજી ડામોરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૬ ફેબ્રુઆરીના રોજ વિરપુર ગામની સીમમાંથી બાઈક નં. આરજે.૨૭.બીડી.૫૬૬૨ના ચાલક સુરેશભાઈ હરજીભાઈ ડામોર તથા તેમની પાછળ બંસીલાલ ડામોર બેઠા હતા. દરમ્યાન બાઈક ચાલક સુરેશભાઈ ડામોરે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરતા પાછળ બેઠેલ બંસીલાલ ડામોર બાઈક પરથી જમીન પર પટકાયા હતા. જેથી તેમને ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યુ હતુ. જે અંગે કાવાજી ડામોરે બાઈક ચાલક વિરૂદ્ધ મંગળવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

### જુનેદ ઝડપાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જયપુરમાં થયેલા સિરિયલ બ્લાસ્ટ તેમજ ૨૦૦૮માં અમદાવાદમાં થયેલા સિરિયલ બ્લાસ્ટમાં પણ તપાસ હતી. દિલ્હી પોલીસનું કહેવું છે કે, ૨૦૦૮માં બાટલા હાઉસ એન્કાઉન્ટરમાં થાપ આપીને આ ત્રાસવાદી ફરાર થવામાં સફળ રહ્યો હતો. જુનેદ ઉપર દિલ્હી, ઉત્તરપ્રદેશ, અમદાવાદ સહિત પાંચ જગ્યાઓએ થયેલા બ્લાસ્ટમાં સામેલ હોવાનો આરોપ છે. ઉત્તરપ્રદેશમાં આઝમગઢના નિવાસી જુનેદ ઈન્ડિયન મુઝાહીદ્દીનનો ત્રાસવાદી છે. બાટલા હાઉસ એન્કાઉન્ટર બાદ ફરાર રહેલો જુનેદ ઝડપાઈ ગયા બાદ તેની પૂછપરછ ચાલી રહી છે. જુનેદના અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ સાથે કનેક્શન નિકળી શકે છે જેના ભાગરુપે અમદાવાદ પોલીસ પણ તેની પુછપરછ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ દ્વારા તેની પુછપરછ કરી લેવામાં આવ્યા બાદ અમદાવાદની ટીમ પણ તેની પુછપરછ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. હાલમાં દિલ્હી પોલીસે તેના સંબંધમાં વધુ વિગતો આપી નથી પરંતુ આ ત્રાસવાદીની ધરપકડથી મોટી સફળતા હાથ લાગી છે. ઈન્ડિયન મુઝાહીદ્દીન દ્વારા વિતેલા વર્ષોમાં અમદાવાદ સહિત અનેક જગ્યાઓ બ્લાસ્ટ કરીને મોટી સંખ્યામાં લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. જુનેદની ક્યાંથી અને કઈરીતે ધરપકડ કરવામાં આવી તે સંદર્ભમાં હાલમાં માહિતી આપવામાં આવી નથી.